નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની
મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩)
સંવર્ગની કેડર સ્ટ્રેન્થ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/1904/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા. *e-sign* મુજબ

<u>વંચાણે લીધા</u>:

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૦૩/૨૦૨૬નો સમાનાંકી ઠરાવ
૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૫/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/3006/A section
૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૧/૦૪/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/GTA/e-file/17/2025/2965/A section
૪. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૩/૦૪/૨૦૨૬નો પત્ર ક્રમાંક: DDCW/ADMIN/e-file/225/2024/0110/Administrative

<u>આમુખ</u>:

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ **(Cadre Strength)** ૧૮૬ નિયત કરવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) અને (૩) પરના ઠરાવથી આ સંવર્ગની અનુક્રમે વાવ – થરાદ જિલ્લા ખાતે ૦૧ નવી જગ્યા અને ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ૦૧ નવી જગ્યા ઉભી કરવામાં આવેલ છે. સદર નવી મંજૂર થયેલ જગ્યાઓને હયાત કેડર સ્ટ્રેંથમાં સમાવેશ કરી, કેડર સ્ટ્રેંથ રીવાઇઝ્ડ કરવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ (૪) પરના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) સંવર્ગના હયાત સંખ્યાબળ **(Cadre Strength)** ૧૮૬માં નવી મંજૂર થયેલ ૦૨ જગ્યાઓનો સમાવેશ કરી, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) સંવર્ગની કેડર સ્ટ્રેંથ આથી રીવાઇઝ્ડ કરી, ૧૮૮ નિયત કરવામાં આવે છે.

સરકારશ્રીના વખતો વખતની પ્રવરતા નક્કી કરવા તથા પ્રવરતા યાદી પ્રસિદ્ધ કરવા અંગેની સૂચનાઓ / જોગવાઇઓ ધ્યાને લઇ આ સંવર્ગની પ્રવરતા ગોઠવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા:૧૩/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**e-sd/-**
(સમીર ગરાસિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર

માન. રા. ક. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર

અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)

એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)

સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂં...

શાખા સિલેક્ટ ફાઇલ ૨૦૨૬

Signature Not Verified

Signed by:Samir Garasia
Under Secretary
Date:2026.05.29
16:01:06 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign